આ. શેઠ નવરોજી પેસ્તનજી વકીલ સી. આઇ. ઇ.
ના માનવંતા આશરા હેઠળ.

લેડીઝ કલબનો જલસો.

ગાયનો તથા સીનોના સાર.

તા. ૨૫ મી નવેમ્બર ૧૯૧૬.

સંગ્રાહક,

સૌ. વિદ્યાગૌરી રમણભાઇ.

અમદાવાદ

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત લેડીઝ કલબ તરફથી

મીસ મોટીબાઇ રૂ. કાપડીઆ,

અને

સૌ. વિદ્યાગૌરી રમણભાઇ.

અમદાવાદ.

આવૃત્તિ પહેલી. પ્રત ૪૦૦.

અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

કિં. ૦-૨-૦.

પ્રોગ્રામ.

ભાગ ૧ લો.

૧. શાહનામાના 'એજન-મનીજેહ' નાટકનો સીન ૧ લો.
૨. ગાયન.
૩. એજન મનીજેહના નાટકનો સીન ૨ જો.
૪. ગાયન.
૫. હિમતલાલની હિમત યાને પ્રૉફેસરનો અખતરો. (રમુજી સીન).
૬. ગાયન.
૭. ગરબો.
૮. એજન-મનીજેહ સીન ૩ જો.
૯. ગાયન.
૧૦. એજન-મનીજેહ સીન ૪ થો.

દસ મીનીટનો વીસામો.

ભાગ ૨ જો.

૧. મીના-બઝાર.
૨. ગાયન.
૩. ઓરકેસ્ટ્રા (વાજીંત્રોનું મિશ્રણ).
૪. ગાયન.
૫. કોરસ ગીત.
૬. ગાયન.
૭. બહેરા-બહેલાકાકા ભાગ ૧. (હાસ્યજનક ફારસ).

દસ મીનીટનો વિસામો.

ભાગ ૩ જો.

૧. દ્રૌપદી-સ્વયંવર.
૨. ગાયન.
૩. બહેરા-બહેલાકાકા ભાગ ૨.
૪. રાજ્યગીત.

ભાગ ૧ લો.

શાહનામાનો સીન.

બેજન-મનીજેહ (સીન ૧).

સીન ઉઘડતાં તુરાન દેશના પાદશાહ અફ્રાસીયાબની બેટી શાહજાદી મનીજેહ પોતાની દાયા હોમાએ અને સાહેલીઓ સાથે તુરાની સરહદની બહાર ફરવા નીકળેલી જણાય છે. તે પોતાની સાહેલીઓ સાથ વાતચીતમાં મશગુલ છે તેટલામાં ગુરગીનના દગાથી ભુલો પડેલો ઇરાની પહેલવાન બેજન ત્યાં આવી લાગે છે. બેજન અને મનીજેહ પેહલીજ નજરે એકબીજા ઉપર મોહિત થાય છે. મનીજેહ પોતાની દાયાને બેજનને બોલાવી લાવવા મોકલે છે. બેજન દાયા સાથે મનીજેહ આગલ આવે છે. તેઓ વચ્ચેની વાતમાં જાહેર થાય છે કે બેજન ઇરાની પેહલવાન છે જ્યારે મનીજેહ તુરાની શાહજાદી છે. તુરાન અને ઇરાન વચ્ચે બહુજ સખત વેર-ભાવ અને હમેશની લડાઇ છે અને બંને દેશોના પાદશાહો એક બીજાના કટ્ટા દુશ્મનો છે. એવું હોવાથી બેજન મનીજેહને જાનોની-સાર ચાહતો હોવા છતાં મનીજેહની સાથે તુરાન જવા ના પાડે છે, અને મનીજેહ પણ બેજન સાથે ઇરાન જવા તૈયાર થતી નથી. બેજનનો એ બાબેનો હઠીલો વિચાર જાણી મનીજેહ પ્યારને ખાતર ફરેબ રમે છે અને પોતાની સાહેલીઓની મદદથી બેજનને શરાબમાં કેફ આપી તેને બેભાન કરી પોતાના મુલક તુરાનમાં ઉંચકી જાય છે.

"બેજન-મનીજેહના" સીનનાં ગાયનો.

(૧)

કરીમ રહીમ તું કર કરૂણા,
પામર નર હું જરપર ભરપુર, જરપર ધ્યાન રાખ્યું રે.
ઓ ધણી, હું ભણી, જોઇ કર કરૂણા. કરીમ૦
નેકી આપી મુજપર કર તું, રહેમ ઓ દાદાર રે,
ઓ ખુદા, તું સદા, રાખ તુજ કરૂણા. કરીમ૦

(૨)

મધુર મધ ચાખોરે, મહોબત માંહી,
મોહબત હોય તો નોબત વાજે,
મોહબતે મહેલ બિરાજે.
મોહબત હોય તો સુખ સંપજે,
મોહબત માયાને કાજે.
મોહબત તુટે કરમ જો ફુટે,
છુટે આદમીએત સાંધો. મધુર.

(૧)

એજનનાં નેણુ રસીલાં સાભણુ સે ઉજળાં,
બાગે બેઠાં વીણે ફળો, કોઈ લીલાં પીળાં. એજનનાં.

ગાયન.

અમે તો આજ તમારા બે દિનના મહેમાન,
સફલ કરો આ સહજ સમાગમ, સુખનું એજ નિદાન.
આજ તમારા—
આવ્યા આજ મળ્યા સહુ પ્રીતે, સર્વે બંધુ સમાન;
પાછા કો દી મળીએ, નવ મળીએ, કયાં કરશો સન્માન ?
આજ તમારા—
સાચવજો સમ્બન્ધ પરસ્પર, ધર્મે રાખી ધ્યાન;
સંપી સદ્‌ગુણ લેજો, દેજો, તજી અંતર અભિમાન.
આજ તમારા—
લેશ નથી અમને અંતરમાં માન અને અપમાન,
હોય કશી કડવાશ અમારી, તો પ્રિય કરજો પાન.
આજ તમારા—

એજન-મનીજેહ નાટકનો સીન ૨ જો.

એજન જ્યારે બેફામ સ્થિતિમાંથી જાગે છે ત્યારે પોતાને તુરાનમાં દુશ્મનના મહેલમાં જોય છે અને પોતાની સાથે દગો થયેલો જાણી ઘણો ગુસ્સે થાય છે. મનીજેહ અને તેની સાહેલીઓ

એજનને ગાયન ગાઇ સમજાવે છે. કોઇ ઇરાની સરદાર મનીજેહના મહેલમાં આવેલો જાણી અફ્રાસીયાબનો ભાઈ કસરેવજ જે અતિ દગાખોર અને ફરેબી છે તે તુરાની સીપાહોને લઇ મનીજેહના મ-હેલમાં એકદમ ધસારો કરે છે. કસરેવજ પહેલાં ખુબ ધાંધલ કરી ધમકી આપે છે પણ એજનનું નામ સાંભળતાંજ અંદરખાનેથી બહુ ગભરાય છે. તે છતાં ફરેબ રમી મિત્ર બનવાનું ડોળ ઘાલી તે એકદમ એજન અને મનીજેહને કેદ કરાવી લે છે.

(૧)

મેં દીઠી નહીં તુજમાં ભલાઇ ખરે ખરે (૨)
અને નથી સલુકાઇ કે તું કરે. મેં દીઠી નહીં
તન મન તાહરૂં કપટી દવેશી.
હરપળ ભલતી ફરે. મેં દીઠી નહીં
બોલી વચન ફરેબનાં,
જાત જાતની ચતુરાઈ કરે. મેં દીઠી નહીં

(૨)

મેં પ્રીત કરી ખરી બહુ,
બની દુખીઆરી બદનામ થઇ અકારી;
જીવથી હું હારી.- મેં પ્રીત
પ્રીત કરીને ઠરી હું ઠગારી,
ગણાઇ અંતે વેરી વિચારી- મેં પ્રીત
નિરદોશ ઉપર બોતાન ભારી- મેં પ્રીત

(૩)

ધીરો થારે વીરા વહાલા, ધીરા વીરા વહાલા-ધીરો થારે,
કરતાં કાલાવાલા ઉભાં, ધીરા વીરા વહાલા-ધીરો થારે.
કોફ કાઢી નાંખી દીલે, ચાખ મધ પયાલા,
નીત પ્રીતનાં ગીત ગઇએ, જીગર રહે ગુલલાલા-ધીરો થારે.

ગાયન.

આ જગતમાં ખુબી સારી સારી,
દાતા ઉમંગ જાગે ત્હારા રાગે પ્રીતિ લાગે;
આ હૃદયમાં—ખુબી—
જાણે ભેદ નહીં જાણે કદી કોઇ,
પ્રબળ હકુમત ત્હારી;
મ્હારી લાજ રાખો આજ દીન જગતના માલીક—ખુબી—

હિંમતલાલની હિંમત
યાને
પ્રોફેસરનો અખતરો.

હિંમતલાલ નામના ગૃહસ્થને ત્યાં તેમનાં બીજી વારનાં પત્ની જબરદસ્ત છે. ઘરમાં શેઠ બાપાચારાને કોઇ ગણતું નથી. પત્ની ધમકી ને દમથીજ કામ લે છે. કૃષ્ણરામ નામના તેમના મિત્ર શેઠ પાસેથી તેમના ઘરને માટે સરટીફીકેટ લેવા આવે છે. કૃષ્ણરામની ઘરની સ્થિતિ પણ તેવીજ છે. હિમતલાલનાં પત્ની ઘોઘાટ કરતાં આવે છે એટલે શેઠ તબીયત બગડ્યાનું બહાનું કાઢી કૃષ્ણરામને વિદાય કરે છે. બાઇ સાહેબ શેઠને ઉધડા લે છે. હિમતલાલ નિર્ભયકારક શાળાના પ્રોફેસર પાસે સ્ત્રીને તાબે કરવાનો ઇલિમ શીખવા જાય છે. પ્રોફેસર ઉંધું ચતું સમજાવી પૈસા કઢાવે છે. એટલામાં તેનો ઘરધણી ભાડું લેવા તકાદો કરે છે અને ભાડું લઇ જાય છે. હિંમતલાલ પ્રોફેસર પાસેથી શિક્ષણ લે છે પણ ઘેર જઇને અજમાવતાં નિષ્ફળ જાય છે. પ્રોફેસર દમથી કામ ચલાવે છે પણ તેમના સેક્રેટરીથી માલમ પડે છે કે તેમને ત્યાં પણ ધણીઆણી ગાંઠતાં નથી. પ્રોફેસર હિંમતલાલ સાથે રૂ. પાંચ હજારની શરત બકે છે કે હિકમત નિષ્ફળ જાય તો તેટલી રકમ આપવી. હિંમતલાલ ઘેર પ્રોફેસરને લઇને આવે છે અને બાઇસાહેબને સ્લીપર લાવવાનો હુકમ કરે છે. ઘડી ઘડી આ હુકમ થતો સાંભળી હિમતલાલનાં પત્નીને

વહેમ પડે છે:કે શેઠનું મગજ ખસ્યું કે કેમ, તે વિચાર પ્રોફેસર પકડી લે છે કે ગાંડા ઠરે તો સરતના રૂપીઆ આપવા મટે. બધાં મળી શેઠને ગાંડા ઠરાવી પુરે છે. અંતે શેઠાણીને પશ્ચાત્તાપ થાય છે. શેઠ બહાર નીકળે છે અને સમાધાન થાય છે.

ગાયન.

રાગ—ખમાચ.

જસોદા કે લાલ ખેલે હોરી, કૈસી ધુંમ મચોરી—જસો.
મુરલીકી ધુન સુન ગોપિ બિહલ ભઇ સબ મિલ બાત કહોરી,
અંગ અંગ ભૂખન સબ સાજો, ચલો કિરતકી ઓરી...કૈસી.
ચુહુવા ચંદન અતર ગુલાલ કે ગલીયમ કીચ મચોરી,
ઉડત ગુલાલ લાલ ભયે બાદર, ચલી રંગકી ઝોરી...કૈસી.

ગરબો.

આવો ભારત ભગિની આજરે,
આંગણે રણવાઘ રૂડાં વાગ્યાંરે હોજીરે, વીર બાંધવને જગાડવા.
હાંરે વાયા તે યુદ્ધના સમીરરે,
બોલાવે બ્રિટન મહાવીરરે હોજીરે, યુદ્ધ પ્રયાણે પલાવવા.
હાંરે અવસર વણ માગ્યા આવીઆ,
હાંરે આવ્યો અનુપમ દિનરે હોજીરે, રણજંગમાં ઝંપલાવવા.
હાંરે અચળ કીર્તિ ગાજે હિંદની,
હાંરે અચળ રહેજો હિંદ વીરરે, હોજીરે, બન્ધુ બ્રિટનને બતાવવા.
હાંરે રણરાગ રૂડા ગવાઇ રહ્યા,
બહેનો આવો દેશદ્વારરે હોજીરે, વીર વીરાને વળાવવા.
હાંરે વિજય માળ ગુંથો આજરે,
હાંરે કીર્તિ ધ્વજા ધરો હાથરે હોજીરે, હોંસે હૈયાંને હલાવવા.
હાંરે દેશ બ્હેનીની આશિશરે,
હાંરે ભારત દેવીની આશિશરે હોજીરે, કીર્તિ ભારતની ગજાવવા.

બેજન મનીજેહ. (સીન ૩).

(ઇરાની પહેલવાન બેજનને પાદશાહ અફ્રાસીયાબના હુકમથી એક ઉંડા કુવામાં કેદ કરી તે કુવાના મોહ ઉપર એક અસાધારણ ભારે વજનનો પથરો મુકવામાં આવેલો છે. મનીજેહ બેજનને વફાદાર રહી ખરા દીલથી તેની તરફેણ કરતી હોવાથી તેના બાપે તેણીને પોતાની દીકરી તરીકે ગણવા ના પાડી પાદશાહી મહેલમાંથી કાઢી મુકી છે. વફાદાર મનીજેહ ફકીરી હાલતમાં રખડે છે અને જે કુવામાં બેજનને કેદ કરેલો છે તે કુવા આગળ રહેઠાણ કરી ભીખ માગી બેજન માટે ખોરાક લાવે છે અને હમેશાં બેજનના બચાવ માટેની તજવીજમાં રહે છે.)

આ સીન ઉઘડે છે ત્યારે વેપારીઓનો એક કાફલો નજરે પડે છે. એ કાફલામાં ઇરાનનો જગમશહુર પહેલવાન રૂસ્તમ વેપારી વેશમાં બેજનની શોધમાંજ આવેલો છે. રૂસ્તમની જોડે ગુરગીન, બીજા ઇરાની સરદારો, અને બાબક નામે એક લડવૈયો છે. તેઓ સર્વે સોદાગરના લેબાશમાં છે. મનીજેહ તેમને ઓળખ્યા વગર તેમની પાસ મદદ માંગે છે અને પોતે અફ્રાસીયાબની દીકરી છે અને બેજનને કરગસારના કુવામાં કેદ કરેલો છે એવું જાહેર કરે છે. જ્યાં પહેલવાન રૂસ્તમ ચોંકે છે પણ પોતાની પીછાણ આપ્યા વગર મનીજેહને મદદ આપવાનું કબુલ કરે છે. રૂસ્તમ મનીજેહની મારફત બેજનને ભોજન મોકલાવે છે અને તેમાં બેજનને પોતાની ખરી ઓળખ સાથેનો રૂકકો મોકલાવે છે.

બેજન મનીજેહનું ગીત.

(૧)

અરે સાંભળ સોદાગર શાણા,
કાં મારે છે મને તું તાણાં— અરે સાંભળ.
જરા સાંભળ ધીરે વાતો મારી,
ના કહાડ મને ઝટકારી— અરે સાંભળ.

હું જાતે નથી કોઇ ભીખારી,
થઇ છે ગીરદેશથી મારી ખુવારી— અરે સાંભળ.
હું બેજન થકી દુઃખી બહુ થાવું,
એનેજ ખાતર મનમાં મુઝાવું— અરે સાંભળ.

ગાયન.

બેજન-મનીજેહ સીન ૪ થો.

બેજન રૂકકો વાંચી બહુ ખુશી થઇ હસે છે. મનીજેહ તેને ખુશાલીનું કારણ પુછે છે. પણ બેજન તેની ઉપર વિશ્વાસ રાખવા કેટલોક વખત આનાકાની કરે છે. તેટલામાંજ રૂસ્તમ પહેલવાન પોતાના સરદારો જોડે આવે છે. બધા પહેલવાનો ભેગા મળીને પણ કુવા ઉપરનો મોટો પથરો સહેજ પણ હીલવી શકતા નથી. પણ છુટો થયે બેજન ગુરગીનને માફ કરશે એવી શરતથી રૂસ્તમ તે ગંજાવર પથરો સહેલાઇથી ઉંચકી લઇ બેજનને કુવામાંથી બહાર કાઢે છે. એવી રીતે ખુબસુરત મનીજેહની વફાદારીને લીધે બેજન પાછું છુટાપણું મેળવે છે.

ભાગ બીજો.

મીના બઝાર.

અકબર બાદશાહના વખતમાં રાજમહેલમાં હર વરસ એક બાનુઓનો બજાર ભરવામાં આવતો. જ્યાં દેશ પરદેશની ચીજો વેચાતી. વેચવા માટે બાનુઓજ આવતી અને આસપાસના હિંદુ મુસલમાન રાજાઓની રાણીઓ અને બેગમો ત્યાં ખરીદીને માટે આવતી. બાનુઓનું એક પરસ્તાન થઇ રહેતું. વેચાતી લેવાની ચીજનો છેક છેવટ સુધી ભાવ કરવો એ હરેક સ્ત્રીના દીલને પ્રિય છે તેથી કીમતની રકઝક કરવાના આ ખેલમાં અકબરના રાજ્યની આગેવાન બાનુઓ ઘણો રસ લેતી. ફક્ત શહેનશાહ અકબર ત્યાં જઇ શકતો. બીજા કોઇ પુરુષને દાખલ કરવામાં આવતો નહિ. રાણી વિશળદેવી તથ લક્ષ્મીદેવી આવી વાતચિત કરી જુદી જુદી બેગમોની

ઓળખાણુ કરાવે છે. શહેનશાહ અકબર તથા તેની કવિ બેગમ સલીમા આવે છે. અંબરની બંગડી વેચનાર રજપુતાણીની દુકાને સલીમા બેગમ બંગડીની કીંમત પૂછે છે. વાતચિત દરમીઆન શહેનશાહ બીજે ફરે છે. પછી ત્યાં આવી પહોંચે છે. પાદશાહ અંબરની રજપુતાણીને ટકોર કરીને કહે છે કે અમારાં દિલ લુંટી લો છો પણ થેલીને તો રહેવા દો. તે પરથી અંબરની રજપુતાણી અકબરને તાણો મારે છે કે પાદશાહ નામવરને કોઇ કોઇ વાર લુંટારૂ થવાનો શોખ થઈ આવે છે. સલીમા આથી ખુશ થાય છે. પાદશાહ તેને તેની તરફેણુ લઇ મર્દોની વફાદારી માટે કવિતા બોલવા કહે છે જે પરથી મર્દો કેવા બેવફા હોય છે તે દેખાડનારી કવિતા બેગમ બોલે છે. આગળ ચાલતાં એક અફગાન બાનુની દુકાને પાદશાહ તથા બેગમ આવે છે અને તેની પાસે ઉભેલી બંગાળી બાનુ સંબંધી હકિકત અકબર પૂછે છે. અફગાન બાનુના કહેવા પરથી પાદશાહને જાણુ થાય છે કે બંગાળના નામીચા સરદાર નોરેન્દ્રની બાનુ હેમલતા તે છે. એ સરદારને પાદશાહ સામે થવા માટે પાદશાહે દેશનિકાલ કરી તેની જાગીર ખુંચવી લીધેલી હતી. હેમલતા નોરેન્દ્રની વફાદારી જણાવી તેને માટે માફીની આરજુ કરે છે અને મોટા દિલનો અકબર પાદશાહ નોરેન્દ્રને માફી બક્ષી તેનો છુટકારો કરી તેની જાગીર પાછી આપવાનો હુકમ કરે છે.

ગાયન.

નીદરડી મારી, કયાં ખોવાણી રાજ નીદરડી;
મીઠીરે નીદરડી, વ્હાલીરે નીદરડી, મ્હને કયાં મળે હો રાજ.
થોડી થોડી લઇ ગયાં માને બાપ, રે હો નીદરડી;
મનનો માનેલો, દિલશું જડેલો, સ્વામી ના દીધો હો રાજ—નીદરડી મારી.
થોડી થોડી લઇ ગયો પરણ્યો કંથ રે હો નીદરડી.
મનના વિસામા, દિલના વિસામા, મને ના મળ્યા હો રાજ—નીદરડી મારી.

ઓરકેસ્ટ્રા (વાજીંત્રોનું મિશ્રણ.)

ગાયન.

રાગ–સિંધભૈરવી.

નાહક લાયે ગવનવા,
એ ગવનવા મોરા— નાહક.
જાયે બસે પરદેસવા, મોરા—નાહક.
જબસેં ગયે મોરી સુધહુ ન લીનીરે,
બીતો જાત જોબનવારે. મોરા—નાહક.

કોરસ–ગીત.

પતિ રાવણરે કહે છે મંદોદરી પ્યારી,
હરી લાવ્યા શું રામની નારી.
રામચંદ્રરે જગત તણા પ્રતિપાલ,
આવું સાંખશે કેમ તે આળ.
થાશે જાનકી જીવનો ઘાતરે,
માનો સીતા સતી સાક્ષાતરે;
જગતજનની અંબા માતરે,
પીયુ મારારે વાત કહું છું વિચારી,
સોંપો રામને સીતા પ્યારી.
રાવણ કહે છે સાંભળ રાણી;
મારી શક્તિ તેં શું નવ જાણી, રાવણ કહે છે.
રાજારે ઇંદ્ર ભરે મારૂં પાણી.
કરવી સીતાને પટરાણી, સાંભળ રાણી.
શું નથી મુજને દસ શીશરે;
મુજ સમ નથી દસો દીશરે,
અન્ય કોને ભુજા છે વીસરે, છે વીસરે.

પ્રભુ મારારે વાત કહું છું સારી,
સોંપો રામને સીતા પ્યારી.
મેં જાણ્યુંરે આવ્યું તમારૂં મરણ,
ત્યારે કર્યું સીતાનું હરણ.
માનો માનો રે રામને જાઓ શરણ,
આપો જાનકી નમીને ચરણ;
એ તો ત્રણે ભુવનના ઈશરે,
પુજે સહુ લોકો અહો નિશરે.
તે છેદશે તમારાં શીશરે,
લંકા પતિરે મૂઢ મતિ થઇ તમારી;
સોંપો રામને સીતા પ્યારી.
બોલ્યો ફરી સાંભળ એકવાર,
રામનો કરૂં સંહાર. બોલ્યો ફરી.
પ્રાણ જાએરે આપું ના સીતા નાર,
રામચંદ્રનો તો શો છે ભાર. મને શો ભાર.
નકી જાણ મને અજીતરે,
કરીશ યુદ્ધની લાખો રીતરે;
રહેશે ત્રણે લોક વિસ્મીતરે. (૨) વિસ્મીતરે.
નવ માન્યું રે પ્રાણ ગયો અંતે હારી,
મળી રામને જાનકી પ્યારી.

ગાયન.

રાગ—સારંગ.

હિંડોળે પ્રેમ તણી ઝકઝોળ,
પ્રેમ તણી ઝકઝોળ. હિંડોળે.
ઝુલે રાધાને નંદકિશોર,
હિંડોળે પ્રેમ તણી ઝકઝોળ.

હરિરસરંગી, રાધિકા, અમૃતરંગી શ્યામ,
ચાંદે રંગી ચાંદની, ચારૂ ચોક અભિરામ. હિંડોળે.
રાધાજીના નયનમાં ઝુલે છે વ્રજરાજ,
અટકી ખટકી, લટકી છે, રાધા વ્રજરાજ. હિંડોળે.
કેસુડાં રંગે ભીનાં, રંગ ભરી વનકુંજ,
ડાળે બાંધ્યો હિંચકો, ઝુલે જુગલ રસપુંજ. હિંડોળે.
જગજનની છે રાધિકા, જગપાલક શ્રીનાથ,
શેષ સ્વર્ગ ભૂ ડોલતાં, નીરખી બેલડી સાથ. હિંડોળે.

બહેરા-બહેલા કાકા. ભાગ ૧.

આ ફારસમાં એક ધરડા અને બહેરા પારસી બહેલાકાકાના બહેરપણનો લેવાતો લાભ અને તે બહેરપણ એકદમ સારૂં થઇ જવાથી ઉપજતી ગુંચવણોનો અતિ રમુજી ચીતાર રજુ થાય છે. આ ફારસ શરૂ થતાંજ બહેરા બહેલાકાકાની દીકરી પીરોજા ઘરના દીવાનખાનામાં પોતાના બાપના બહેરપણથી કંટાલો ખાઇ પોતાની કમ્પેનીઅન દીની સાથે વાત કરતી જણાય છે. અહીં બહેલાકાકા દાખલ થાય છે, અને બહેરાપણા ઉપર એક નિબંધ વાંચી તેની ઉપર રમુજી ટીકા કરે છે. તેવામાં નોકર લાલ્યો જીવણો જે પોતાનો શેઠ બહેરો હોવાથી જે તે બોલી તેની મશકરી કરે છે તે ટપાલમાં આવેલો પત્ર બહેલાકાકાને આપે છે. બહેલાકાકા તે વાંચી ચીરડાય છે અને ઘરના બીજા ભાગમાં ચાલી જાય છે. જતાં જતાં પોતાના બહેરપણ માટે છુપીથી સલાહ લેવા બોલાવેલા ફ્રેંચ ડોકટર વીશે ઇસારો કરે છે.

અત્રે જમસુ ચણાપાપડી નામે એક જવાન પારસી સ્મૉલ-કૉઝ કોર્ટની ડીક્રી સાથ પોતાની પાછળ પડેલા મારવાડીથી બચવા માટે બહેલાકાકાના દીવાનખાનામાં ગભરાટથી ધુસી આવે છે. તેટલામાં બહેલાકાકા દાખલ થાય છે અને જમસુને જોઈ તેને ઘરમાં પેસી જવા માટે ધમકાવે છે. ગભરાટથી ધ્રુજતો જમસુ

જવાબ આપી નહીં શકવાને લીધે બહેલાકાકા તેને બહુજ ગુસ્સાથી પુછે છે "બહેરો છે કે શું ?" તે ઉપરથી ફસી પડેલા જમસુને પોતાનો લાગ સાંધવા બહેરો હોવાના ઢોંગ કરવાનું સુજે છે. કેટલીક વાતચીત પછી બહેલા કાકા એકદમ જાહેર કરે છે કે તેઓ પોતે બહેરા હોવાથી તેમને બહેરોજ જમાઇ જોઇએ છે. તેથી તેઓ જમસુને પોતાની દીકરી પીરોજા સાથે લગ્ન કરવા કહે છે, અને તેને રૂપીયા પચીસહજારની રીત આપવાનું કહે છે. જમસુ ધારે છે કે બહેલાકાકાની દીકરી કાળી, કાણી અને લુલી, લંગડી હોવી જોઇએ. પણ જમસુનો હાલ સુડી વચ્ચે સોપારી જેવો હોવાથી અને એક છોકરીને ધારી રાખેલી હોવા છતાં મોટી રીતથી લલચાઇને તે કબુલ થાય છે.

---

(૧)

થઇ બે'રા સાથે બે'રો હું તો પામ્યો મો'રદાર,
અને રીતમાં તો પામ્યો હું પચીસ હજાર !
મેં નથી જોઇ તે નાર, મને નથી કંઇ દરકાર,
બસ કુટીઆં મલી જાય તો મારો બેહેરો થાએ પાર !

કોરસ.

એક પચીસ હજાર ! વાહ, પચીસ હજાર,
તોલી દે તું ડોસા ઝટપટ, ના વાર તું લગાર ?

(૨)

નહીં મલે મુજ સમ કોઇ કીસમતદાર,
મારવારીઓને પઇસે હું તો કરતો ફરૂં લાર;
આ ઘરીઆલ છે સુનાનું અને છેરો આબદાર,
આએ લાકીટ અને પાકીટ મલી પાનસોનો પાર !

કોરસ.

તે સૌ મારવારી ઉધાર, છું હું મારવારી આધાર,
આખા ગામના ગોમાજીઓ થાય છે મારા દોસ્તદાર !

(૩)

આએ વીટી છે હીરાની, થશે હજારેકનો માલ,
પણ મતા તે બી મારવારીની જાણજો મારા લાલ !
જે થવાનો હોશે તે થશે અંતે નીકાલ,
પણ હાલ તો રાખું શેઠયાનો રોબ અને ચાલ !

(૨)

જોઉંચ જુની આંખે નવાં કોતક, શું ચાલી રહ્યાચ ઢંગ;
કે પારસી દુકતા બદલેચ કેવા, સરડા માફક રંગ.
આય આડા બંધની ડગલી, ને પાઘરી વીસરી જઇ;
બસ નેકટાઇ કોલર પાટલુન ઉપર ગયા છે લોભાઇ.

કોરસ.

આજ કાલના પારસી છોકરા,
છે તદ્દન મંકી બ્રાંડ;
બની ગોવાનાં પેસતાંઉ,
બતાવેચ હથેલીમાં ચાંદ.

(૨)

લોગચ બોય ને બટલર જેવા—છે ફોકટનાં એ લાર,
દેખાયચ બાપ લાખ ચાલીસના—કેલી તીસનો પગાર;
આઇગ્લાસ ને વોકીંગ સ્ટીક—સાથે મોઢામાં ચીરૂટ,
મુછ બોડાવી દેખાયચ જાણે—ભખી ખાધેલો ભુત.

કોરસ.

(૩)

હોય વકીલ બરીસટર—પણ નહી પચીસ કમાય,
બોલવાના હોય સાંસા—પણ મોટા બેરીસટર ગણાય;
સુનાઈ પર રાખે ડોરો—ને પીલાઇ પર રાખે આંખ.
પછી બેરીસ્ટર પોતે તો ભલે મારતા હોય માખ.

કોરસ.

(૩)

ગેલે ગાતોસે ગીતરાં હીતનાં રે,
ગીત ગાતો સું ગામરેની રીતનાં રે,
ગાઉ ફીકલી પેઆરીની પ્રીતનાં રે. —ગેલે.
ગાતાં ગરબાની લઉં તાલી,
હાથ પગો છઉ અફાળી. —ગેલે.
હ્યુરતથી આયો હું મમભઇ છેરમાં,
હ્યુધરેલો લાલ્યો હું લહેરમાં રે. —ગેલે.
ફીધી નોકરી છો અહીં આવી,
મેલી દીધી જે નહીં ફાવી.
ચાલે તાં હ્યુધી ચલાવી. —ગેલે.
હુંતો છાબને ઘેર બી રીએલો,
ગોટ પીટ છોટ પીટ છઉ છીકેલો,
અરધો છાબ હું બી પણ થીએલો,
ગામમાં છાબજ થઇને ગીએલો. —ગેલે.
પછીથી થીયા પાંસ પાછે તો પસી,
જવા હ્યુરત હછી હછી રે. —ગેલે.

ભાગ ૩ જો.

દ્રૌપદી સ્વયંવર.

પાંડવો બ્રાહ્મણોના ગુપ્ત વેશમાં ફરતા હતા તેવામાં પાંચાળ દેશના દ્રુપદ રાજાએ પોતાની પુત્રી દ્રૌપદીના લગ્ન માટે સ્વયંવર કર્યો. ઉંચે ફરતા ચક્રમાં સોનાની માછલી લટકાવેલી તેની આંખ, નીચે રાખેલા પાણીમાં જોઈ વીંધવી એ સ્વયંવરની શરત હતી. ભલભલા રાજાઓ એ મત્સ્યવેધ કરી શક્યા નહીં. કર્ણ રાજા મત્સ્ય વેધવા તૈયાર હતો પણ તે રથ હાંકનારનો પુત્ર છે એમ મનાતું હોવાથી દ્રૌપદી તેને કબુલ કરવા ઇચ્છતી

નહોતી. છેવટે પાંડવોમાંથી અર્જુન એ કાર્ય કરે છે. બ્રાહ્મણને રાજકન્યા વરશે જાણી ક્ષત્રિયો ગુસ્સે થાય છે. દ્રુપદ રાજાના મનમાં પણ ગુંચવણ થાય છે. આખરે પાંડવો બ્રાહ્મણવેશે આવેલા છે અને મત્સ્યવેધ કરનાર વીર અર્જુન છે એ જાણી સર્વને પરમ સંતોષ થાય છે.

(૧)

ઉઠો ઉઠોની કોઇ રાએ, વેંધી મચ્છ વરો કન્યાએ;
વેધી મચ્છ વરો કન્યાએ, પણ મારૂં ન મિથ્યા થાયે.
મૂને ખેદ થાય આ જોયે, મચ્છ વેધી શકે નવ કોયે;
કીર્તિમંત ક્ષત્રી સૌ સોયે, પણ શું વીર ન અહીંયાં કોયે.
માથે મુગટ મુકયા છે વારૂ, હવે સાર્થ કરો પણ મારૂં;
કોટે ઘાલી છે મોતીની માળ, દાખિ વીર્ય પેરો વરમાળ.
કો ન ક્ષત્રીજાયો ભીડે હામ, વિપ્રમાંથી કરો કોઈ કામ;
સભા કેરી ને મારી રહે લાજ, વળી કન્યાનું સરશે કાજ.

(૨)

જુઓ જુઓ વિપ્રે ભીડી હામ, ધનુષ છટાએ ધરયું રે;
કરે કાપડી ક્ષત્રીનું કામ, ધનુષ છટાએ ધરયું રે. ૧
એનો જુઓ અંગ મરોડ, ધનુષ છટાએ ધરયું રે;
ગળ્યાં ગર્વી ભૂપતનાં કોડ, ધનુષ છટાએ ધરયું રે. ૨
એનો જુઓ નેત્રનો લક્ષ, ધનુષ છટાએ ધરયું રે;
શર યોજવે કેવો છે દક્ષ, ધનુષ છટાએ ધરયું રે. ૩
ઓહો એણે વેધ્યોજ મત્સ્ય, ધનુષ ટાઢું કરયું રે;
વરમાળ એ પેરશે સદ્ય, અદ્દભુત વિપ્રે કરયું રે. ૪

(૩)

સહિઅર આજે છે મંગળ ટાણુંરે,
ગાઇએ અવસરનું શુભ ગાણું;
સખી આજ, આવ્યું છે મંગળ ટાણુંરે,
રાજાજીની પૂરી પડી વડી હોડરે;
બાઇજીના અંબા પુરશે કોડ. સખી આજ.

રાજ કન્યાને આવતી ભાળીરે,
કુમારિકા થઇ સહુ ઉજમાળી. સખી આજ.
કોટે ઝળકે હીરામણિ તણો હારરે,
વિજળી પેરે ઝબકે બાંહોની ધાર. સખી આજ.
બાઇજી કેરૂં તેજ નિહાળીરે,
ફુલે નવે વધાવી પૂજી વ્હાલી. સખી આજ.

(૪)

બાઇ કાંઇ દિસે વિસ્મે કરેરે,
પણ અંતરે તે હરખાય, મનનું માન્યું થાય;
પ્હેરાવે છે માળનેરે. ૧
બાઇ પ્હેરાવીને વરમાળ તેરે,
ઉભાં મચ્છવેધુની પાસ, ફળો એની આશ;
ક્ષત્રીવર એ હજોરે. ૨
બાઇ હેત તમારૂં ન વિસરેરે,
અમને છુટાં પડયાંનું દુઃખ, થાઓ તમને સુખ;
એમાં સુખ માનશુંરે. ૩

ગાયન.

રાગ—લલથ.

અયે ગેબી ફીરિસ્તા ઓ,
સતાવો સારી આલ...મને. અયે.

પરંતુ એ સીતમને હું,
સમજતો સૌખ્યની જ્યોતિ! અયે.

ભલે શિર ફોડને પટકી,
શિલાપર ક્રોધ કે ગર્વે;
નહિ ગણકારશે દિલ આ,
ગણી આનંદની જ્યોતિ. અયે.

નહિ ભૂલી જશો કે આ,
ખરેખર સૂર્યની જ્વાળા;
ભ્રમિત થાશો નહિ સમજી.
કદિ ખદ્યોતની જ્યોતિ. અયે.

કદાપિ સ્થૂલ જ્યોતિને,
વિખુટી પાડશો શ્રમથી;
પરંતુ છૂટશે કદિ ના,
સુરજના પ્રાણથી જ્યોતિ. અયે.

ગયું દૂર સર્વ અંધારૂં,
શરીરને આત્મનું જેથી;
ભૂલીને દૂર થવા દેશો,
પ્રભુ શું સૂર્યથી જ્યોતિ. અયે.

બહેરા-બહેલા કાકા ભાગ ૨.

બહેલાકાકા અને જમસુ વચ્ચે થએલાં એ વાંધા ભર્યા સાટાંની વાત દીની સાંભળી લઇ પીરોજાને કહે છે. બંને જમસુને એક રખડતો લફંગો સમજી ગુસ્સે થાય છે. અત્રે જીવણો આવી બહેલાકાકાને ગોરો ડાકટર આવવાની ખબર આપે છે. બહેલાકાકા જાય છે. જમસુ અને પીરોજા-દીના જુદી જુદી દીશાએથી દાખલ થાય છે. જમસુને હરખ વચ્ચે માલમ પડે છે કે જે છોકરીને તે ખરેખર ચાહતો હતો તેજ બહેલાકાકાની દીકરી છે. પીરોજાએ પણ જમસુનેજ ધારી રાખેલો માલમ પડે છે.

બહેલાકાકા પાછા દાખલ થાય છે. ફ્રેંચ ડાકટરની દવાથી તેમનું બહેરપણ તાતકાલિક સારૂં થઇ ગએલું છે. પોતે સાંભળતા થવાથી હવે બહેરો જમાઇ બહેલાકાકાને જોઇતો નથી, અને તેવણ જમસુને લાત મારી ઘરમાંથી કાઢવા તૈયાર થાય છે. બહે-

લાકાકાનું બહેરપણ ગયું છે એ કોઇ જાણતું ન હોવ
તેની સાથે હમેશ મુજબ તરેહવાર વિશેષણો લગાડી વા
અને તેથી હવે સાંભળતા થયેલા બહેલાકાકા ફિસ્કેરાય ં
માં જમસુ ફક્ત ઢોંગ કરે છે અને ખરેખર બહેરો •
જણાઇ આવે છે, અને તેથી બેહલાકાકા રાજી થઇ તેને
ખુલાસો થાય છે તેટલામાં મારવાડી અને પારસી બેલીફ
શોધમાં દાખલ થાય છે. બેહલાકાકા બેલીફને ફેરવી નાં
વાડીને માર મારી નસાડે છે.

રાજગીત.

મળી સર્વ ભારત સંતાન, એક તન મન પ્રાણ,
ગાઓ રાજેન્દ્રનાં યશોગાન;
રાજા જ્યૉર્જ સુયશ બહુ પામો,
હિતકારક જેનાં સહુ કામો;
રાજ પ્રેમ સર્વ સ્થળે, વ્યાપી રહો ધર્મ બળે,
દેશ દેશે બ્રિટિશ જ્યાં ધામો.

કોરસ.

ગાઓ રાજેન્દ્રનો જય,
જય રાજેન્દ્રનો જય;
થાઓ રાજેન્દ્રનો જય,
વિજય વિજય;
ગાઓ રાજેન્દ્રનો જય.